GJBH010006712026

IN THE COURT OF 2nd, ADDITIONAL DISTRICT AND SESSIONS JUDGE , AT BHARUCH

सत्यमेव जयते

Criminal Misc. Application No. 218 of 2026.
(After Chargesheet)

**અરજદાર/આરોપી:-** મો હંમદ શોબાન ઈમ્તિયાઝ શેખ
ઉ.વ. આ.૨૭, નોકરી
રહે. ૧૦૮, સુકુન બંગલોઝ,
મુન્શી સ્કુલની પાછળ, તા.જી.ભરૂચ.
હાલ-સબજેલ,ભરૂચ

**...વિરૂધ્ધ...**

**સામાવાળા:-** સ ર કા ર શ્રી

**બાબત:-** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

અરજદાર/આરોપીઓ તરફે વિ.વ. શ્રી ડી. ડી. મીસ્ત્રી.
સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.જી.રાઠોડ

**ORAL ORDER.**

(૧) હાલની આ જામીન અરજી, આરોપી તરફે આ અદાલતમા **૨જી વાર** કરવામા આવેલ છે. આ અગાઉ, ક્રી.પ.અરજી નં–૮૭૭–૨૦૨૫, જે એફ.આઈ.આર ના આધારે કરવામા આવેલ, તે આ અદાલતે ગુણદોષ પર નામંજુર કરેલ. ત્યારબાદ અરજદાર દ્વારા આ અદાલતમા વચગાળા ના જામીન મેળવવા માટે ક્રી.પ.અરજી નં–૯૧૪–૨૦૨૫ કરવામા આવેલ, જે આ અદાલતે નામંજુર કરવામા આવેલ છે.

(૧એ) આ અરજી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી મેળવવા, આરોપી વિરૂધ્ધ ની તપાસ પૂર્ણે થયેલ હોઈ અને ચાર્જેશિટ થતા આ અરજી કરવામા આવેલ છે. હાલના અરજદાર દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટે મા R/Criminal Misc. Application (For Regular Bail-Before Chargesheet) No. 2418 of 2026, કરેલ જે અરજદાર દ્વારા ચાર્જેશિટ થયા બાદ નામદાર ટ્રાયલ કોર્ટે મા અરજી કરવાની શર્તે તે વીથડ્રો કરેલ છે.

(૨) હાલના અરજદાર વીરૂદ્ધ, ભરૂચ તાલુકા પો.સ્ટે. પોલીસ સ્ટેશન ગુ.ર. નં .૧૧૧૯૯૦૧૧૨૫૦૭૯૦/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે હાલની અરજી તપાસ પુર્ણે થયેલ હોઈ, ચાર્જેશિટ બાદ, અરજદાર/આરોપી દ્વારા રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે, ભારતીય

નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૩) અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર રહેલા છે. અરજદાર તરફે વિ.વકીલશ્રી હાજર રહેલ છે. અરજદારના વિ.વકીલશ્રીની તથા સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજ, તથા ચાર્જશીટ સાથેના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વં ચાણે લીધા. આ અદાલતે બંને પક્ષોને વિગતે સાંભળેલ છે.

<u>**અરજદાર તરફેની રજુઆત**</u>:–

(૪) આ અદાલતે બંને પક્ષોને વિગતે સાંભળેલ છે. અરજદાર તરફે વિ. વકીલશ્રીની રજુઆત તેઓની જામીન અરજી મુજબની છે અને મહદઅંશે રજુઆત, અગાઉ ની જામીન અરજી ની સુનાવણી વખ્તે કરેલ દલીલ નુ પુનરાવર્તન છે, જામીન અરજી ની હકીકતો ઉપરાંત એવી રજુઆત છે કે, આ કામે કહેવાતા બનાવ બાદ ગુજરનાર તાત્કાલીક મરણ ગયેલ નથી, પરંતુ તેઓ, આ કામના સાહેદ મુનીરભાઇ સાથે ગાડી ઉપર બેસી ને ભરૂચ પોલીસ સ્ટેશને ગયેલ હતા અને અરજી પણ લખાવતા હતા, અને સહઆરોપી પણ અરજી આપવા જતા ત્યા સામન્ય બોલાચાલી થયેલ અને ગુજરનારને પોલીસ સ્ટેશને હાર્ટ એટેક આવેલ અને તેઓ ત્યા ઢળી પડેલ, વી.વ.દ્ધારા તે બાબતે વુ.હે.કોન્સ. સંગીતાબેન કીશોરભાઇ નો નીવેદન રીફર કરેલ છે. વધુ મા વી.વ. શ્રી ની રજુઆત છે કે, આ કામના સાહેદ મુનીરભાઇ, કે જેમની સાથે ગાડી ઉપર બેસી ને ગુજરનાર, ભરૂચ પોલીસ સ્ટેશને ગયેલ, તે મુનીરભાઇએ જે જાહેરાત લખાવેલ છે, તેમા

"છાતીમા ઢીકાપાટુ " શબ્દ પાછળ થી લખવામા આવેલ છે. વધુમાં વિ.વ.શ્રી ની રજુઆત છે કે, આ કામે બનાવમાં આરોપી ઐયુબભાઈ ગુજરી ગયેલ છે પરંતુ હાલનો બનાવ એક સામાન્ય બનાવ હતો કે જે સ્પીકરનો વોલ્યુમ ઓછો કરવા માટે, ગુજરનાર આરોપી નં.૧ ને કહેવા ગયેલ હતા અને સામાન્ય બાબતમાંથી હાલનો આ બનાવ બનેલ છે. વી.વ.શ્રી ની રજુઆત છે કે આ કામના સહઆરોપી, ગઝાલાબાનુ ઈમરાનભાઈ મનસુરી ને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા R/Criminal Misc. Application (For Regular Bail-Before Chargesheet) No. 27545 of 2025 થી જામીન અરજી મંજુર કરેલ છે. હવે આ કામે ચાર્જશીટ થયેલ હોય પુરાવા સાથે ચેડા થવાનો પ્રશ્ન નહી રહે, આરોપી લાંબા સમય થી જ્યુડિશ્યલ કસ્ટડી મા છે, તેઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી, આરોપી જણાવેલ સરનામેના કાયમી રહેવાસી છે, નાસીભાગી જાય તેવા નથી, તપાસમાં હવે તેમની જરૂર નથી, જેથી યોગ્ય શરતે આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરવામાં આવેલ છે.

**<u>સરકાર પક્ષેની રજુઆત:-</u>**

(૫) વિ. એ.પી.પી.શ્રી તરફેની રજુઆત, આ કામે રજુ થયેલ તપાસ અધિકારીનાં સોગંદનામા ઉપર આધારીત છે તેઓ જણાવે છે કે, અગાઉ હાલના અરજદાર ની, ક્રી.પ.અરજી નં-૮૭૭-૨૦૨૫ આ અદાલત દ્વારા ગુણદોષ પર નામંજુર કરેલ છે, ત્યાર બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ મા પણ અરજદાર એ જામીન અરજી પરત ખેંચેલ છે અને આ કામે તપાસ ના અંતે પણ અરજદાર વીરૂદ્ધ ચાર્જશિટ કરવા જેટલા પુરાવા જણાતા, અરજદાર વિરૂધ્ધ ચાર્જશિટ કરેલ છે, તેમના વિરૂદ્ધ ગંભીર પ્રાઈમા ફેઈસી કેસ છે. અગાઉ ની જામીન અરજી ગુણદોષ પર રદ થયા પછીથી કોઈ નવા સંજોગો રેકર્ડ પર નથી, માત્ર ચાર્જશિટ થયેલ છે, તે બદલાયેલ સંજોગો ના

કહેવાય. આ કામના સહઆરોપી, ગઝાલાબાનુ વીરૂધ્ધ માત્ર મા–બેનની ગાળો બોલવામાં આવેલ ના આક્ષેપ હતા, જેથી નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્ધારા તારિખ ૫–૧–૨૦૨૬ નારોજ જામીન અરજી મંજુર કરવામા આવેલ પરંતુ ત્યારબાદ હાલના અરજદાર દ્ધારા કરવામા આવેલ જામીન અરજી, અરજદારે તારિખ ૩–૨–૨૦૨૬ ના રોજ વીથડ્રો કરેલ છે, હાલના અરજદાર નો રોલ ગંભિર છે, તપાસ ના અંતે પણ તેમના વિરૂદ્ધ ગંભીર પ્રઇમા ફેઇસી કેસ છે, તે સીવાય ની અન્ય રજુઆત, અગાઉ ની જામીન અરજી વખત કરેલ દલીલો નુ પુનરાવર્તન છે, તેઓ જણાવે છે કે, આ કામે તપાસ ના કાગળો લક્ષે લેતા અને ફરિયાદ મા સ્પષ્ટ ઉલ્લેખ છે કે ગુજરનાર ઐયબભાઇ, આરોપીને માત્ર તેમના સ્પીકરનો અવાજ ઓછો કરવા માટે કહેવા ગયેલ હતા ગુજરનાર પોતે વૃધ્ધ ૬૨ વર્ષની ઉંમરના હતા, હાર્ટ પેશન્ટ હતા અને તમામ આરોપીઓએ ભેગામળી એકબીજાની મદદગારીથી ગુજરનારને ઢોર માર મારેલ છે. અરજદાર/આરોપી શોબાને ગુજરનારને છાતીમાં જોર જોરથી ઢીકાપાટુનો માર મારેલ અને ગુજરનાર નીચે પડી ગયેલ હોવા છતાં તેઓ રોકાયેલ નહી અને ગુજરનારને છાતીના ભાગે લાતો મારવા લાગેલ પરંતુ આજુબાજુના લોકો કે જેના નિવેદન આ કામે નોંધેલ તેઓ છોડાવવા વચ્ચે પડેલા. વધુમાં વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, આ કામે પી.એમ. રીપોર્ટ લક્ષે લઇએ તો તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, ફેફસા અને હૃદય ઉપર બોથડ પદાર્થથી ઈજા થવાને કારણ ગુજરનાર મુત્યુ પામેલ છે. વધુમાં એવી રજુઆત છે કે, આ કામે નજરે જોનાર સાહેદો ના નિવેદન લેવામા આવેલ છે . આરોપીઓ અને ફરીયાદ પક્ષ એક જ સોસાયટીમાં રહે છે જો તેઓને જામીન મુકત કરવામાં આવે તો પરિસ્થિતિ વધુ વણસે અને પુરાવા સાથે ચેડા થાય તેવી હકીકત પણ નકારી શકાય નહી અને અરજદાર વીરૂધ્ધ તપાસ ના અંતે પણ પ્રાઇમા ફેઇસી કેસ હોઇ, કોઇ નવા સંજોગો જણાતા ના હોઇ, આ

જામીન અરજી નામંજુર કરવા તેઓની રજુઆત છે.

**<u>અદાલત નુ અવલોકન..</u>**

(૬) આ અદાલતે બંને પક્ષોને વિગતે રજુઆતો અને ચાર્જશિટ ના રજુ કાગળો વંચાણે લીધેલ છે. આ અદાલતે સમગ્ર રેકર્ડ લક્ષે લીધુ. આરોપી તરફે આ અદાલતમા ૨જી વાર કરવામા આવેલ છે. આ અગાઉ, ક્રી.પ.અરજી નં-૮૭૭-૨૦૨૫, આ અદાલતે ગુણદોષ પર નામંજુર કરેલ. ત્યારબાદ અરજદાર દ્વારા આ અદાલતમા વચગાળા ના જામીન મેળવવા માટે ક્રી.પ.અરજી નં-૯૧૪-૨૦૨૫ કરવામા આવેલ, જે આ અદાલતે નામંજુર કરવામા આવેલ છે. જેથી ચાર્જશિટ બાદ હવે શુ નવા સંજોગો ઉતપન્ન થયેલ છે તે લક્ષે લેવાનુ રહે છે. આ કામે અરજદાર તરફે ની જે રજુઆતો છે તે તમામ, અગાઉ, ક્રી.પ.અરજીઓ, વખ્તે જે રજુઆત કરવામા આવેલ તેનુ પુનરાવર્તન છે. ચાર્જશિટ સાથે ના તપાસ ના કાગળો લક્ષે લઇએ તો તે મુજબ આરોપીઓ વિરૂધ્ધ તપાસ બાદ પણ પ્રાઇમા ફેઇસી કેસ જેમ નો તેમ છે.

(૭) હાલના કેસની રેકર્ડ પર ની હકીકતો તથા સંજોગો, તપાસ બાદ રેકર્ડ પર આવેલ હકીકતો લક્ષે રાખતા, આ તબક્કે નામદાર સુપ્રીમ કોર્ટ નો **Virupakshappa Gouda And Another vs The State Of Karnataka And Another નો ચુકાદો વંચાણે લેવો જરૂરી છે જેમા નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવેલ છે કે.....**

> 13. On a perusal of the order passed by the learned trial Judge, we find that he has been swayed by the factum that when a charge-sheet is filed it amounts to change of circumstance. Needless to say, filing of the charge-sheet does not in any manner lessen the allegations made by the

> prosecution. On the contrary, filing of the charge-sheet establishes that after due investigation the investigating agency, having found materials, has placed the charge-sheet for trial of the accused persons. As is further demonstrable, the learned trial Judge has remained absolutely oblivious of the fact that the appellants had moved the special leave petition before this Court for grant of bail and the same was not entertained. Be it noted, the second bail application was filed before the Principal Sessions Judge after filing of the charge-sheet which was challenged in the High Court and that had travelled to this Court. These facts, unfortunately, have not been taken note of by the learned trial Judge. He has been swayed by the observations made in Siddharam Satlingappa Mhetre (supra), especially in paragraph 86, the relevant part of which reads thus:-
>
> "The courts considering the bail application should try to maintain fine balance between the societal interest vis-a-vis personal liberty while adhering to the fundamental principle of criminal jurisprudence that the accused is presumed to be innocent till he is found guilty by the competent court."

**( ૭એ )** કહેવાતા, બનાવમાં ઐયુબભાઈ કે જેઓ ૬૨ વર્ષની ઉંમરતા હતા તેઓ ગુજરી ગયેલા છે. ફરીયાદીની ફરીયાદ અનુસાર, અરજદાર દ્વારા ગુજરનારને છાતીના ભાગે ઢીકાપાટુનો માર મારેલ છે ત્યારબાદ છાતીના ભાગે લાતો પણ મારેલ છે અને તે હકીકતને ફળીયામાં રહેતા અન્ય સ્વતંત્ર સાહેદો મુનિરભાઈ દાઉદભાઈ ભટ્ટી, તહોસીમ, મુમતાઝ વાઈફ/ઓફ ઈરફાન મન્સુરી તથા ઈરફાન રહીમભાઈ મન્સુરીના પોલીસ રૂબરૂના નિવેદનોમાં ઉપરોકત હકીકત જણાવેલ છે કે તેઓ બનાવમાં છોડાવવા વચ્ચે પડેલ

હતા.

(૮) બનાવ સમયે વચ્ચે પડી, છોડાવનાર  સાહેદ મુનિરભાઈ, ગુજરનાર ઐયુબભાઇ ને પોલીસ  સ્ટેશન લઈ ગયેલ હતા જ્યા ત્યાં ગુજરનાર ઐયુબભાઈ અરજી આપતી વખ્તે ઢળી પડતા ત્યાંથી તેઓને હોસ્પીટલ રીક્ષામાં લઈ જતા ત્યારે ડોકટરે તેઓને મૃત જાહેર કરેલ હતા.

(૯) આ કામે રજુ થયેલ ઈન્કવેસ્ટ રીપોર્ટ તથા પી.એમ. રીપોર્ટ અદાલતે વંચાણે લીધેલ છે અને પી.એમ. રીપોર્ટ અનુસાર ગુજરનારની  ઉંમર ૬૨ વર્ષની હતી અને મોતનું સંભવિત કારણ નીચે મુજબ દર્શાવેલ છે.

> Prima facie cause of death of the above said deceased in our opinion is “Haemorrhagic shock due to rupture of heart and lungs due to blunt chest injuries.

આમ બનાવમાં ગુજરનારને છાતીના ભાગે ઢીકાપાટુનો માર અને લાતો મારવામાં આવેલ છે અને તે ઈજાઓ ના કારણે ગુજરનારનુ મોત થયેલ નુ  પી.એમ. રીપોર્ટ મા જણાવેલ છે.

(૧૦) આ અદાલતે અગાઉ ની જામીન અરજી ગુણદોષ પર નામંજુર કરેલ છે, ત્યારબાદ કોઈ નવા સંજોગો જણાતા નથી. આરોપીવિરુધ્ધનો  પ્રથમ દર્શનીય  ગંભીર ગુનો તપાસ ના અંતે પણ જણાય છે. સહઆરોપી ગઝાલાબેન થી ગંભીર રોલ હાલના આરોપી નો જણાય છે, સહઆરોપી વિરૂધ્ધ માત્ર ગાળો બોલે ના આક્ષેપ જણાય છે.  જાણવા જોગ મા કોઈ

શબ્દો પાછળ થી ઉમેરેલ છે કે કેમ તે ટ્રાયલ વખ્તે લક્ષે લેવાનો રહે છે. આ કામે બન્ને પક્ષો એકજ ગામમા રહે છે જો અરજદારની જામીન અરજી મંજુર કરવામા આવે તો ફરી અનીચ્છીય બનાવ બનવાની શકયતા નકારી શકાય તેમ નથી, આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ અગાઉ, ક્રી.પ.અરજી નં–૮૭૭–૨૦૨૫, આ અદાલતે ગુણદોષ પર નામંજુર કરેલ, હવે ચાર્જશિટ થયા બાદ નવા સંજોગો ઉતપન્ન થયેલ નુ જણાતુ નથી, જેથી હાલના કેસ ની હકીકતો, સંજોગો, નિવેદનો સાથે ઉપરોકત રીફર કરેલ, **Virupakshappa Gouda And Another vs The State Of Karnataka And Another નો ચુકાદો વંચાણે લેતા,** અરજદાર ની જામીન અરજી મંજુર કરી શકાય તેમ ન હોઇ, આ અદાલત નીચે મુજબ હુકમ કરે છે.

**: હુકમ :**

(૧) અરજદાર/આરોપી મોહમદ શોબાન ઈમ્તિયાઝ શેખ નાઓની આ અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા.૧૩ માહે એપ્રીલ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

DATE.13/04/2026.
PLACE: BHARUCH

EMS

**EJAZ MOHSINALI SHAIKH**
(Judge Code No.GJ00627)
2nd, Additional Sessions Judge
at Bharuch.